# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

ગુરુવાર ૧૪ મે, ૨૦૨૬



### વડાપ્રધાનની ઈંધણ બચતની અપીલને પગલે પર્યાવરણલક્ષી પહેલ

# સરદાર પટેલ યુનિવર્સિટીના કર્મીઓ માટે નિઃશુલ્ક બસ સેવા શરૂ કરાઈ

**કુલપતિ પોતે પણ** કેમ્પસમાં પગપાળા ચાલીને આપશે ઉર્જા બચતનો સંદેશ



(પ્રતિનિધિ) આણંદ તા.13

સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા ઈંધણ બચત અને પર્યાવરણની જાળવણી માટે એક નવતર પહેલ કરવામાં આવી છે. વડાપ્રધાનની ઈંધણ બચતની અપીલને પ્રતિસાદ આપતા કુલપતિ પ્રો. નિરંજન પટેલે યુનિવર્સિટીના કર્મચારીઓ માટે નિઃશુલ્ક બસ સેવાની જાહેરાત કરી છે.

આ વ્યવસ્થા હેઠળ, સ્ટાફ કોલોનીમાં રહેતા કર્મચારીઓ માટે ઓફિસ સમય મુજબ સવારે 9-45 અને સાંજે 5-40 કલાકે બસની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત, યુનિવર્સિટીના શૈક્ષણિક અને વહીવટી સ્ટાફને પોતાના અંગત વાહનોને બદલે જાહેર પરિવહન અથવા કાર પુલિંગનો ઉપયોગ કરવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

આ અભિયાનમાં કુલપતિ ડો.નિરંજનભાઈ પટેલે પોતે પણ પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડતાં નિવાસસ્થાન અને કેમ્પસમાં હવેથી પગપાળા જવાનો નિર્ણય કરીને સૌને ઉર્જા બચતનો ખાસ સંદેશો આપ્યો છે. કુલપતિ દ્વારા તમામ કર્મચારીઓને રાષ્ટ્રહિતના આ કાર્યમાં સહભાગી થવા અને નવી સુવિધાનો લાભ લેવા વિનંતી કરવામાં આવી છે.

### આણંદના સાંસદ મિતેશભાઈ પટેલે અમેરિકાનો પ્રવાસ રદ કર્યો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને આગામી એક વર્ષ સુધી વિદેશ પ્રવાસ ન કરી 'ભારત પ્રથમ'ની ભાવનાને ઉજાગર કરવા આહ્વાન કર્યું હતું. આ આહ્વાનને માન આપી આણંદના સાંસદ મિતેશભાઈ પટેલે (બકાભાઈ) 19મી મે 2026થી શરૂ થનારી પોતાની નિર્ધારિત અમેરિકાની યાત્રા સ્વૈચ્છાએ રદ કરી છે. તેઓ અમેરિકામાં યોજાનારા FOGAUSA ના દ્વિતીય ગુજરાતી સંમેલનમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપવાના હતા. આ અંગે સાંસદ મિતેશભાઈએ જણાવ્યું કે, રાષ્ટ્ર અને નેતૃત્વ પ્રત્યેની નિષ્ઠા સર્વોપરી હોવાથી તેમણે આ નિર્ણય લીધો છે.

# ખેડા જિલ્લા પોલીસની ક્રાઈમ કોન્ફરન્સ ઓનલાઈન યોજાઈ

**જિલ્લા પોલીસ વડાના** નિર્ણયથી હજારો લિટર સરકારી ઈંધણ અને અધિકારીઓના સમયની બચત થઈ

(પ્રતિનિધિ) નડિયાદ તા.13

દેશના વડાપ્રધાન દ્વારા પેટ્રોલ અને ડીઝલની બચત કરવા માટે કરવામાં આવેલી અપીલને ખેડા જિલ્લા પોલીસ તંત્રએ સાર્થક કરી બતાવી છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા માટે દર મહિને યોજાતી 'માસિક ક્રાઈમ કોન્ફરન્સ' આ વખતે પ્રત્યક્ષને બદલે વર્ચ્યુઅલ માધ્યમથી યોજવામાં આવી હતી. પોલીસ વિભાગના આ નવતર પ્રયોગથી ઈંધણની મોટી બચત થવાની સાથે જનતામાં એક સકારાત્મક સંદેશ વહેતો થયો છે.

આ બેઠક માટે જિલ્લાના છેવાડાના વિસ્તારોમાંથી પણ પોલીસ અધિકારીઓ પોતાના સરકારી વાહનો લઈને જિલ્લા મથકે આવતા હોય છે. આ વખતે જિલ્લા પોલીસ વડા વિજય પટેલ દ્વારા ઈંધણ બચાવવા માટે આ કોન્ફરન્સ ઓનલાઈન યોજવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં ડીવાયએસપી, એલસીબી પીઆઈ તેમજ તમામ પોલીસ મથકોના પીઆઈ કક્ષાના અધિકારીઓ પોતાના જ સ્થળ પરથી ઓનલાઈન જોડાયા હતા. જેના કારણે વાહનોનો વપરાશ શૂન્ય થઈ ગયો હતો અને હજારો લિટર સરકારી ઈંધણ તેમજ મુસાફરી પાછળ ખર્ચાતો સમય બચાવી શકાયો હતો. આ કામગીરીની સમીક્ષા ઓનલાઈન હોવા છતાં, બેઠક દરમિયાન જિલ્લામાં બનતા ગુના, પડતર ગુનાઓની તપાસ અને આગામી આયોજનો અંગે નિયમિત કામગીરીની જેમ જ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.






# ખેડા કલેક્ટરની બદલી અને નડિયાદ મનપામાં કમિશનરની જગ્યા ભરાઈ

**ખેડા કલેક્ટર અમિત** પ્રકાશ યાદવની ગાંધીનગર બદલી





(પ્રતિનિધિ) નડિયાદ તા.13

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના વહીવટી માળખામાં ધરખમ ફેરફાર કરતા 72 જેટલા આઈએએસ અધિકારીઓની સામૂહિક બદલીના આદેશો જારી કરવામાં આવ્યા છે. આ ફેરબદલ અંતર્ગત ખેડા જિલ્લાના વહીવટી વડા અને નડિયાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નેતૃત્વમાં મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે.

ખેડા જિલ્લામાં કલેક્ટર તરીકે ફરજ બજાવતા અમિત પ્રકાશ યાદવની બદલી ગાંધીનગર ખાતે એડિશનલ કમિશનર ઓફ ઈન્ડસ્ટ્રીઝ તરીકે કરવામાં આવી છે. તેમની સાથે જ તેમને ઈન્ડેક્સ-બીના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર તરીકેનો વધારાનો હવાલો પણ સોંપાયો છે. હવે ગીર સોમનાથના કલેક્ટર એન.વી. ઉપાધ્યાય ખેડા જિલ્લાના નવા કલેક્ટર તરીકે જિલ્લાનું સુકાન સંભાળશે. આ ફેરફારથી જિલ્લાના વિકાસ કાર્યો અને મહેસૂલી પ્રક્રિયામાં નવી ગતિ આવવાની શક્યતા છે.

નડિયાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ હવે કાયમી મ્યુનિસિપલ કમિશનરની નિમણૂક કરવામાં આવી છે. અત્યાર સુધી જે.બી. દેસાઈ પાસે આ પદનો વધારાનો હવાલો હતો, પરંતુ હવે મોરબીના કલેક્ટર કિરણ બી. ઝવેરી નડિયાદના નવા મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજ બજાવશે. શહેરના માળખાગત વિકાસ અને વહીવટને સુદ્રઢ બનાવવા માટે આ નિમણૂક મહત્વની ગણાય છે. આ ઉપરાંત, આણંદના આસિસ્ટન્ટ કલેક્ટર હિરેન બરોટની બદલી અરવલ્લી-મોડાસા ખાતે પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટર તરીકે કરવામાં આવી છે, જે ચરોતરના વહીવટી તંત્રમાં થયેલા મોટા ફેરફારોનો એક ભાગ છે.

### કરમસદ- આણંદ મહાનગરપાલિકાના કમિશનર મિલિન્દ બાપનાની બદલી



ગાંધીનગરના ઉદ્યોગ વિભાગના એડિશનલ કમિશનર આર.એન. ડોડિયાની આણંદના નવા મ્યુનિસિપલ કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી છે. વર્તમાન કમિશનર મિલિન્દ બાપનાની બદલી અરવલ્લી-મોડાસાના કલેક્ટર તરીકે થતા હવે આણંદનો વહીવટ આર.એન. ડોડિયા હસ્તક રહેશે. રાજ્ય સરકારના આ વહીવટી ફેરફાર સાથે તેમની સેવાઓ હવે અર્બન ડેવલપમેન્ટ અને અર્બન હાઉસિંગ વિભાગને સોંપવામાં આવી છે.

# આણંદમાં ડમ્પર નીચે કચડાતા વૃદ્ધાનું મોત

(પ્રતિનિધિ) આણંદ તા.13

આણંદ શહેરના સો ફૂટ રોડ પર શાસ્વત હોસ્પિટલ સામે મંગળવારે સાંજે નહેરૂબાગથી વોકિંગ કરીને ઘરે પરત ફરી રહેલા 76 વર્ષીય વૃદ્ધા પર ડમ્પરનું ટાયર ફરી વળતા તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

આણંદ શહેરના કલ્પતરૂ લાઈફ સ્ટાઈલ કોમ્પ્લેક્ષમાં રહેતા 76 વર્ષીય ઈલાબેન પટેલ દરરોજની જેમ મંગળવારે સાંજે નહેરૂ બાગમાં વોકિંગ કરવા ગયા હતા. મોડી સાંજ સુધી તેઓ ઘરે પરત ન ફરતા તેમનો પુત્ર જુબીનભાઈ ચિંતાતુર બની તેમને શોધવા નિકળ્યાં હતાં. દરમિયાનમાં સો ફૂટ રોડ પર ભીડ જોઈ ત્યાં તપાસ કરી હતી. આ તપાસ કરતા ડમ્પર (નંબર જીજે-23-એડબ્લ્યુ-7166)ના ટાયર નીચે દબાયેલી હાલતમાં તેમના માતાની લાશ જોતાં ભાંગી પડ્યાં હતાં. આ અંગે આણંદ ટાઉન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સોજીત્રાના ખણસોલ ગામમાં 'લુચ્ચી લાડી' ટોળકીનો પર્દાફાશ

# સોજીત્રામાં લગ્નના બ્હાને યુવક પાસેથી 4.10 લાખ પડાવી લીધાં

(પ્રતિનિધિ) સોજીત્રા તા.13

સુરેન્દ્રનગરના લીંબડી ખાતે રહેતા વિજય ઈશ્વરભાઈ પરમારને લગ્ન માટે કન્યાની શોધ હતી. આ માટે તેમણે તેમના બનેવીને વાત કરતા, તેમના બનેવીએ અમદાવાદના એજન્ટ કિરીટભાઈ ડોડિયા અને તેમના પત્ની રેખાબેનનો સંપર્ક કરાવ્યો હતો. જોકે, આ એજન્ટ દંપતીએ સોજીત્રાના સ્થાનિક એજન્ટો સાથે મળીને યુવકને છેતરવાનું કાવતરું રચ્યું હતું.

આ ટોળકી વિજયભાઈને વિશ્વાસમાં લઈ સોજીત્રાના ખણસોલ ગામે એક મંદિરમાં લઈ ગઈ હતી, જ્યાં અલ્પા વસાવા નામની યુવતી સાથે તેમના ફૂલહાર કરાવી લગ્ન કરાવ્યા હતા. આ ટોળકીએ લગ્નના બહાને અલગ-અલગ સમયે યુવક પાસેથી કુલ રૂ. 4.10 લાખ પડાવી લીધા હતા. આ લગ્ન બાદ યુવતીએ અસલ મિજાજ બતાવવાનું શરૂ કર્યું હતું. તેણે પોતાની કિડની ફેલ હોવાનું નાટક કરી યુવક પાસે વધુ નાણાંની અપેક્ષા રાખી હતી.

જ્યારે યુવકને છેતરાયાનો અહેસાસ થયો, ત્યારે યુવતીએ તેને બળાત્કારના કેસમાં ફસાવી દેવાની અને પોતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરવાની ધમકીઓ આપી માનસિક દબાણ ઊભું કર્યું હતું. આખરે કંટાળીને યુવકે આ મામલે સોજીત્રા પોલીસ સ્ટેશનમાં કિરીટભાઈ ડોડીયા (અમદાવાદ), રેખાબેન ડોડીયા (અમદાવાદ), કિરણ પરસોત્તમભાઈ રોહિત (સોજીત્રા), રાજુ મફતભાઈ રાવળ (સોજીત્રા), અલ્પા વસાવા (સોજીત્રા) અને મધુબેન (નબીપુરા, તા. ભરૂચ) સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધયો હતો.

# આણંદ રેલ્વે સ્ટેશન પર આઈફોન ચોરાયો

(પ્રતિનિધિ) આણંદ, તા. 13

આણંદ આણંદ રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 3 પર ટ્રેનમાં ચઢતી વખતે ભીડનો લાભ લઈ એક અજાણ્યો તસ્કર એન્જિનિયરિંગના વિદ્યાર્થીના ખિસ્સામાંથી રૂ. 80,000ની કિંમતનો આઈફોન 15 પ્રો ચોરી કરી નાસી છૂટ્યો હતો.

મૂળ અમરેલીના અને હાલ આણંદમાં અભ્યાસ કરતા કાર્તિકભાઈ અમિતભાઈ ધાનાણી તેમના મિત્રને જામનગર ઈન્ટરસીટી ટ્રેનમાં બેસાડવા ગયા હતા. મિત્રનો સામાન ટ્રેનમાં ચઢાવી નીચે ઉતરતી વખતે કોઈએ તેમના ખિસ્સામાંથી કાળા રંગનો એપલ આઈફોન સેરવી લીધો હતો. જે અંગે આણંદ રેલ્વે પોલીસે ચોરીનો ગુનો નોંધી તસ્કરની શોધખોળ આદરી છે.

### ખેડામાં સંરક્ષણ દીવાલ તૂટતા પૂર અને અસામાજિક પ્રવૃત્તિઓનો ભય વધ્યો

# ખેડામાં ઐતિહાસિક દીવાલ તોડનારા તત્વો સામે કાર્યવાહીમાં તંત્ર ઊણુ ઉતર્યું

**રહીશો દ્વારા 5** મહિનાથી રજૂઆત છતાં તંત્ર નિષ્ક્રિય, 7 દિવસમાં આંદોલનની ચીમકી



(પ્રતિનિધિ) ખેડા તા.13

ખેડા નગરપાલિકાના વોર્ડ નંબર 5માં આવેલી ઐતિહાસિક સંરક્ષણ દીવાલને અસામાજિક તત્વો દ્વારા તોડી પાડવા મામલે પાંચ મહિના બાદ પણ કોઈ નક્કર કાર્યવાહી ન થતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહીશોએ નગરપાલિકાના ચીફ ઓફિસર અને પોલીસને લેખિત ફરિયાદ આપી અલ્ટીમેટમ આપ્યું છે કે જો 7 દિવસમાં દોષિતો સામે પગલાં લેવામાં નહીં આવે તો તેઓ નગરપાલિકા કચેરી ખાતે ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ આંદોલન કરશે.

ખેડાના વોર્ડ નંબર 5ના વાવવાળા ફળિયા વિસ્તારમાં વાત્રક નદીના કિનારે આવેલી ઐતિહાસિક સંરક્ષણ દીવાલ ગત 28મી માર્ચ,2025ના રોજ અસામાજિક તત્વોએ પાલિકાની કોઈપણ મંજૂરી વિના તોડી પાડી હતી. આ અંગે વોર્ડ સભ્ય શૈલેષભાઈ રાણાએ જણાવ્યું હતું કે, દીવાલ તૂટવાને કારણે વિસ્તારમાં ચોરીના બનાવો અને અસામાજિક પ્રવૃત્તિઓ વધી છે. વધુમાં, ચોમાસામાં વાત્રક નદીમાં પૂર આવે ત્યારે પાણી સીધું ઘરોમાં ઘૂસી જવાની પણ ભીતિ સેવાઈ રહી છે.

આ મામલે સ્થાનિકોનો આક્ષેપ છે કે સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવા તંત્રને આપવામાં આવ્યા હોવા છતાં આજદિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ઉલટાનું, શહેરમાં ચાલી રહેલા રોડ રસ્તાના કામોનો મલબો પણ તે જ સ્થળે નાખવામાં આવી રહ્યો હોવાનું સામે આવ્યું છે. તંત્રની આ નિષ્ક્રિયતા સામે હવે સ્થાનિકોએ આરપારની લડાઈ લડવાનો નિર્ણય કર્યો છે.


